# જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ રામાજી ઠાકોર ભાજપમાં જોડાયા

**આજે પ્રદેશ આગેવાનોની હાજરીમાં કેસરીયો ધારણ કર્યો : સર્વસમાવેશક વિકાસ એ જ અમારો મૂળ મંત્ર : ભાજપના આગેવાનો સૂર્યોદય યોજના, કિસાન સન્માન નીધિ જેવી યોજનાથી હું ભાજપ માટે આકર્ષાયો હતો : રામાજી ઠાકોર**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને જિલ્લા કોંગ્રેસના અગ્રણી રામાજી ઠાકોર આજે વિધિવત રીતે ભાજપમાં જોડાયા છે. રામાજી ઠાકોર અને તેમના સાથીઓએ આજે જિલ્લાના નિરીક્ષકોની હાજરીમાં એક વિશાળ સભામાં કેસરીયો ધારણ કર્યો હતો.

રામાજી ઠાકોરના ભાજપમાં જોડાવાથી જિલ્લાના રાજકારણમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જો કે કોંગ્રેસના આગેવાનો કહે છે કે આ વાતો ક્યારથીય ચાલતી હતી. લોકસભા ચૂંટણી પહેલાં તેઓ જવાની વાતો કરતા હતા.

ભાજપમાં રામાજી ઠાકોરના જવાથી કલોલમાં ભાજપની તાકાતમાં વધારો થયો હોવાનું ભાજપના સૂત્રો જણાવી રહ્યા છે.

રામાજી ઠાકોર જિલ્લા પંચાયતમાં કારોબારી સમિતિના ચેરમેન તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ રહી ચુક્યા છે. તેમના પિતાજી વાઘાજી ઠાકોર પણ કલોલ તાલુકામાં સારૂ નામ ગણાય છે. ઠાકોર ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાના નિકટના સાથી તરીકે ઓળખાતા હતા.




રામાજી ઠાકોર હવે જિલ્લા પંચાયતના ચૂંટણી જંગમાં પણ ભાજપના ઉમેદવાર તરીકે ઝંપલાવશે તેવી વાતો તેમના નિકટવર્તી વર્તુળોમાં થઈ રહી છે.

જો કે ભાજપના આગેવાનો તેઓ બિનશરતી જોડાયા હોવાનું રટણ કરી રહ્યા છે.

આજે સાંતેજ જિલ્લા પંચાયત બેઠક પર રકનપુર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ધારાસભ્ય ભૂપેન્દ્રભાઈ પટેલ, નિરીક્ષક હર્ષદભાઈ પટેલ, જિલ્લાના સહ ઈન્ચાર્જ ડી.ડી. પટેલ, એસ.પી. ઠાકોર, ગોવિંદભાઈ પટેલ, આઈ.બી. વાઘેલા, અગ્રણી જીતેન્દ્રભાઈ કોઠારી, નવીનભાઈ, જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા સહિત અગ્રણીઓની ઉપસ્થિતિમાંથી રામાજી ઠાકોર અને તેમના સાથીઓ ભાજપમાં જોડાયા હતા.

તેમની સાથે કલોલ તાલુકા પંચાયતના સદસ્ય બાબુજી ઠાકોર, ગોલથરાના વિષ્ણુજી ઠાકોર, આમ આદમી પાર્ટીના કમલેશભાઈ રબારી, કોંગ્રેસના કાંતીજી મંગાજી ઠાકોર, ભરતજી ઠાકોર, ઉમેદજી ઠાકોર, નગીનભાઈ પટેલ સહિતના આગેવાનોએ કેસરીયો ધારણ કર્યો હતો.

રામાજી ઠાકોરે જણાવ્યુ હતુ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સૌથી વધુ કોરોનાના કેસો વોર્ડ નં. ૬, ૭ અને ૮ માં નોંધાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં કોરોનાના સૌથી વધુ કેસ વોર્ડ નં. ૬, ૭ અને ૮ માં નોંધાયા છે. શહેરમાં તા. ૨જી ફેબ્રુઆરી સુધીમાં ૩૩૯૨ કેસ નોંધાયા હતા જેનું વોર્ડવાર ચિત્ર આવુ ઉપસ્યુ હતુ.

સેક્ટરોની દૃષ્ટિએ નોંધાયેલા કેસોની સંખ્યા જોઈએ તો સેક્ટર- ૨ માં ૨૬૨, સે. ૩ માં ૨૪૨, સેક્ટર-૭ માં ૨૨૬ કેસ નોંધાયા છે. ૧૩ વિસ્તારો એવા છે જ્યાં ૧૦૦ થી ૧૯૯ ની વચ્ચે કેસો નોંધાયા છે.

સે. ૪ માં ૧૯૩, સે. ૫ માં ૧૯૮, સે. ૨૪ માં ૧૬૮, સે. ૧૩ માં ૧૪૪, સે. ૨૩ માં ૧૦૭, સે. ૨૨ માં ૧૬૯, જીઈબીમાં ૧૧૭, સે. ૨૯ માં ૧૨૫, સે. ૨૮ માં ૧૧૬, સે. ૨૭ માં ૧૨૫, સે. ૨૬ માં ૧૮૦ કેસો નોંધાયા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં આદિવાડામાં ૫, બોરીજ-૨૧, પાલજ-૨૦, બાસણ-૩, ઈન્દ્રોડા-૯, ગોકુલપુરામાં ૩, ધોળાકુવામાં ૧૨ કેસ નોંધાયા છે.

સે. ૧૯ માં ૬૫, સે. ૨૦ માં ૫૩, સે. ૨૧ માં ૯૭, સે. ૩૦ માં ૯૩, સે. ૨૫ માં ૭૯, સે. ૧૪ માં ૬૫, સે. ૧૬ માં ૨૬, સે. ૧૪માં ૬૫, સે. ૧૫ માં ૧૪, સે. ૧૭ માં ૪૫, સે. ૮ માં ૭૭, સે. ૯ માં ૧૫, સે. ૧૧ માં ૧, સે. ૧૨ માં ૬૯ કેસ નોંધાયા છે. શહેરમાં ૨જી ફેબ્રુઆરી સુધીમાં ૩૨૨૨ દર્દીઓ કોરોનામુક્ત થયા હતા જ્યારે ૩૦ દર્દીઓના કોરોનાને કારણે મોત થયા છે. સે. ૪ માં ૫ દર્દી, સે. ૨ માં ૩ દર્દી, સે. ૨૬ માં ૩ દર્દી, સે. ૨૪ માં ૩ દર્દીઓના મોત સહિત કુલ ૩૦ દર્દીના મોત કોરોનાથી થયા છે.

# જિલ્લામાં ૧૬૦૦થી વધુ વોરિયર્સનું વેક્સીનેસન થયુ

**ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૩૩ તથા શહેરમાં ૩૧૨ વોરિયર્સનું વેક્સીનેશન**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૬૦૦થી વધુ કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૩૩૩ વોરિયર્સનું તથા શહેરમાં ૩૧૨ વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. આજે એક પણ વોરિયર્સને વેક્સીનેશન દરમ્યાન આડ અસર થઈ હોવાનું જણાયુ નહિ હોવાનું તંત્રએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩ સેશન સાઈટ પર વેક્સીનેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગર તાલુકામાં ૩ સેશન સાઈટ ખાતે ૧૧૧ હેલ્થવર્કર અને ૧૦૧૧ ફ્રન્ટલાઈન વોરિયર્સ, કલોલ ખાતે ૧ સેશન સાઈટ ખાતે ૧૨૩ હેલ્થવર્કર અને ૩ સેશન સાઈટ ખાતે ૬૪ ફ્રન્ટલાઈન વોરિયર્સ, માણસા તાલુકાની ૨ સેશન સાઈટ ખાતે ૨૪ ફ્રન્ટલાઈન વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૪ હેલ્થવર્કર અને ૧૦૯૯ ફ્રન્ટલાઈન વર્કરનું વેક્સીનેશન સંપન્ન થયુ છે.



આવતીકાલે જિલ્લામાં વેક્સીનેશન માટે ૧૨ સેશન સાઈટનું આયોજન કરાયુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં સિવિલ હોસ્પિટલ અને ચાર અર્બન હેલ્થ સેન્ટરો ખાતે સેશન સાઈટમાં ૩૧૨ વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.

આજના વેક્સીનેશન દરમ્યાન કોઈને પણ આડ અસર થયાનુ જણાયુ નથી.

દરમ્યાન જિલ્લામાં હવે કોરોના વેક્સીનેશનમાં ભારત બાયોટેક દ્વારા બનાવવામાં આવેલ કોવીક્સન વેક્સીન આપવામાં આવશે. આ રસીનો જથ્થો પણ જિલ્લાના આરોગ્ય તંત્રને મળી ગયો છે. અગાઉ સિરમ ઈન્સ્ટીટ્યુટ દ્વારા બનાવવામાં આવેલ કોવીશિલ્ડ રસી આપવામાં આવતી હતી.

જિલ્લામાં ૧૬મી જાન્યુઆરીથી કોરોના વેક્સીનેશનનો આરંભ થયો છે. અત્યાર સુધીમાં ૧૦ હજારથી પણ વધુ વોરિયર્સનું વેરક્સીનેશન સંપન્ન થયુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# રાંધેજા માર્ગ પર મોટામસ ગાબડાથી સ્થાનિકો તોબા

**માર્ગ સુધારણાનુ કામ ત્વરિત હાથ ધરવા માટે સ્થાનિકોની રજુઆત : ઉબડ ખાબડ માર્ગના લીધે માર્ગ સલામતી જોખમાઇ**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર માણસા હાઈવે માર્ગ પર રાંધેજા તરફ જવાનો માર્ગ ઉબડ ખાબડ બન્યો છે. આ માર્ગ પર મોટા મસ ખાડા ટેકરા અસ્તિત્વમાં આવતા વાહનચાલકોની સલામતી જોખમાઈ છે. આ સ્થિતિ વચ્ચે ગ્રામજનો પણ રોજબરોજ પરેશાની વેઠી રહ્યા છે. ગાબડાથી ઘેરાયેલા આ ધુળિયા માર્ગના લીધે આસપાસના રહીશો પણ તોબા પોકારી ગયા છે. આ માર્ગની સુધારણાનુ કામ હાથ ધરવા માટે ગ્રામજનોએ મેયર તેમજ ધારાસભ્યને રજુઆત કરી છે.

શહેર તેમજ જિલ્લાને જોડતા વિવિધ માર્ગો વરસાદી દિવસોના અંતે અત્યંત ખરાબ થઈ ગયા છે. વરસાદી દિવસો બાદ દિવાળીના અંતે શહેર જિલ્લામાં તબક્કાવાર માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં પણ લાંબા સમયથી ઉબડ ખાબડ માર્ગોનુ સમારકામ હાથ ધરાયુ ન હોવાનો આક્રોશ ગ્રામજનો ઠાલવી રહ્યા છે. જેના લીધે ગ્રામજનોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે.



હાલ રાંધેજા તરફ જવાના માર્ગની દુર્દશાના લીધે સ્થાનિકો તોબા પોકારી ગયા છે. આ માર્ગ પર મોટા મસ ગાબડા જોવા મળી રહ્યા છે. જેના લીધે આ માર્ગ પર રોજબરોજ અવરજવર કરતા વાહનચાલકોની સલામતી પણ જોખમમાં મુકાઈ છે. માર્ગ પર ખાડા ટેકરા વચ્ચે ઠેર ઠેર માટી પથરાયેલી જોવા મળે છે. જેના લીધે આ વિસ્તારમાં સ્થિત મંદિર તેમજ મકાનો પણ ધુળિયા બની જાય છે. દિવસ દરમિયાન ધુળની ડમરીઓ ઉડતા સ્થાનિકો પણ પરેશાની વેઠી રહ્યા છે.

# જિલ્લા પંચાયતમાં ઉમેદવાર ૪ લાખનો અને તાલુકા પંચાયતમાં ૨ લાખનો ખર્ચ કરી શકશે

**૨૦૧૧માં ચૂંટણી પંચે છેલ્લો સુધારો કર્યા બાદ ૧૦ વર્ષે ખર્ચની મર્યાદામાં વધારો કરાયો**

ગાંધીનગર, તા. ૫

રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચમાં જે મર્યાદા હતી તેમાં વધારો કર્યો છે.

રાજ્ય ચૂંટણી પંચે જિલ્લા પંચાયતની બેઠક માટે રૂ. ૪ લાખના ખર્ચની મર્યાદા નક્કી કરી છે જ્યારે તાલુકા પંચાયતની સીટ માટે રૂ. બે લાખની મર્યાદા નક્કી કરી છે.

૨૦૧૦થી રાજ્ય ચૂંટણી પંચે જે ખર્ચ મર્યાદા નિયત કરી હતી તેમાં જિલ્લા પંચાયત માટે ૨.૫૦ લાખ અને તાલુકા પંચાયત માટે ૧.૨૫ લાખની મર્યાદા હતી. મોંઘવારી તેમજ વિવિધ ખર્ચમાં થયેલા વધારાને ધ્યાને રાખી ચૂંટણી પંચે આ મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો મુજબ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ઉમેદવારોના ખર્ચની ચકાસણી કરવા માટે ખાસ ખર્ચ ઓબ્ઝર્વરની નિમણુંકોની કામગીરી પણ હાથ ધરી છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે રાજ્ય ચૂંટણી પંચે ઉમેદવારના ખર્ચમાં જે મર્યાદા વધારી છે તેમાં મનપાના દરેક વોર્ડના ઉમેદવાર માટે રૂ. ૬ લાખ, નવ વોર્ડથી વધુ વોર્ડ ધરાવતી નગરપાલિકાના દરેક વોર્ડ દીઠ ઉમેદવારના ખર્ચની મર્યાદા ૨.૨૫ લાખ તથા એકથી નવ વોર્ડ ધરાવતી નગરપાલિકાના વોર્ડના ઉમેદવાર દીઠ રૂ. ૧.૫૦ લાખની મર્યાદા નિયત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સનો પ્રારંભ થશે

ગાંધીનગર,તા.૫

ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ટાટા ગ્રુપ સાથે મળીને ગાંધીનગરના નાસ્મેદ ગામ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્કિલ્સ (આઈઆઈએસ) ની સ્થાપના કરવામાં આવી રહી છે. ટાટા ગ્રુપની હાઈ પાવર્ડ ટીમ દ્વારા પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું, જેમાં વરિષ્ઠ અધિકારી એચ.એન. નિવાસ, કાયદાકીય સલાહકાર ઉદય ખરે અને તેમની ટીમનો સમાવેશ થાય છે. શ્રમ અને રોજગાર વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી વિપુલ મિત્રાએ ટાટા ગ્રુપને તાત્કાલિક ધોરણે આ અંગેની કામગીરી શરૂ કરવા જણાવ્યું છે.

ટાટા ગ્રુપે આ અંગેનો એક્શન પ્લાન આપ્યો હતો અને બને તેટલી ઝડપથી કામગીરી શરૂ કરવાની ખાતરી આપી હતી. ગુજરાત સરકાર અમદાવાદથી ૨૦ કિલોમીટર દૂર આવેલા નાસ્મેદ ખાતે આઈઆઈએસ માટેની કામગીરી શરૂ કરશે.

# જિલ્લામાં સતત બીજે દિવસે ૬ કેસ

**શહેરમાં સે. ૨૯ અને ૭ માંથી તો ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણમાંથી માતા-પુત્ર અને ગિફ્ટસીટીમાંથી બે કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે સતત બીજે દિવસે ૬ કેસ નોંધાયા છે. જેમાં બે કેસ ગાંધીનગર શહેરમાં અને ૪ કેસ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે.

ગાંધીનગર શહેર નજીક વિકાસ પામેલ ગિફ્ટસીટીમાંથી બે અને કુડાસણમાં એક ૬ વર્ષના બાળક સહિત બે કેસ નોંધાયા છે. કુડાસણમાં માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં આજે વધુ ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૦૧૮ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી
જેતાવત સંતોકબા
છગુસિંહજી (ભટીયાણીજી)
તા.૧-૨-૨૦૨૧, સોમવારના રોજ દેવલોક પામ્યા છે, પ્રભુને ગમ્યું તે ખરૂં.
સ્વર્ગસ્થનું સુતક તથા બેસણું તા.૭-૨-૨૦૨૧, રવિવારે ૧૦-૦૦ થી ૫-૦૦ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન :** મુ.અંકાલા, તા.ઈડર, જિ.સાબરકાંઠા
મો.૭૯૮૪૫૫૭૫૯૮

લી.

જેતાવત જનકસિંહજી છગુસિંહજી (પુત્ર)
: ડીરેક્ટર :
ધી ઈડર તાલુકા ફળ ફળાદી-શાકભાજી ઉ.ખ.વે.સં.લી.
: કારોબારી સદસ્ય :
સાબરકાંઠા જિલ્લા ભાજપ

જેતાવત ભારતસિંહ છગુસિંહ (પુત્ર)
તથા
સમસ્ત પરિવાર

નોંધ : વર્તમાન પરિસ્થિતિમાં માસ્ક ફરજીયાત તથા સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું.

## શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર

આથી રસ ધરાવતા ઈસમો / સંસ્થાને જણાવવાનુંકે, શ્રી રાજપૂત સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગરના બીજા માળ તથા ત્રીજો માળ અને ચોથા માળનું રસોડું વિગેરે હોસ્ટેલ માટે ૧ વર્ષ માટે ભાડેથી આપવાના હોવાથી દિન-૧૫માં સીલબંધ કવરમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા ભાવો મોકલી આપવાના રહેશે. ભાડાની શરતો કાર્યાલયમાંથી મેળવી લેવાની રહેશે.

સહી/-
મહામંત્રી
શ્રી રાજપૂત સમાજ
ગાંધીનગર

સહી/-
પ્રમુખ
શ્રી રાજપૂત સમાજ
ગાંધીનગર

## ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી
ગાંધીનગર જિલ્લા શાખા

### વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાની વાર્ષિક સાધારણ સભા વર્ષ ૨૦૧૯-૨૦ની તા. ૧૭/૨/૨૦૨૧ના રોજ કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને સવારે ૧૧-૦૦ કલાકે કલેક્ટર કચેરી, ગાંધીનગરના કોન્ફરન્સ હૉલમાં રાખવામાં આવેલ છે. આજીવન સભ્યએ ફીની પહોંચ અથવા આ સંસ્થાના ઓળખપત્ર સાથે સમસયસર હાજર રહેવા વિનંતી છે.

સહી/-
જીલુભા ધાધલ
ચેરમેન

FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ બંગલો ઓફીસ બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com